# એક દીલ સો અફસાને

--હરનીશ જાની

મને હાર્ટ  અૅટેક આવ્યો. એકદમ હૉસ્પીટલમાં જવું પડ્યું. બાઈપાસ સર્જરી કરાવવી પડી. ઘરે આવ્યા પછી મીત્રો, સગાં-સંબંધીઓ મળવા આવવા લાગ્યાં.

ત્રણ પ્રકારના મહેમાનો આવ્યા. પહેલા ફ્ઝલમાં, હૉસ્પીટલમાંથી ઘરે આવ્યો તે જ દીવસે, એ મીત્રો મળવા આવ્યા કે જેમને ખબર છે કે તેમને હાર્ટ અૅટેક આવવાનો છે. શરીરે જાડા, સીગારેટ પીએ અને વારતહેવારે સ્કૉચ પણ પીએ (અને તેમના વારતહેવારો રોજેરોજ હોય જ!). તેમનો સવાલ હતો કેઃ ' આ હાર્ટ એટેક આવે તો ખબર કેમ પડે? અને શરીરને શું થાય?'

મને ખબર છે કે એમને એ બધી વાતો કરીશ તો એ લોકો કંઈ રાતોરાત જીવન જીવવાની પદ્ધતી બદલી નાખવાના નથી. એ લોકોને મેં કહ્યું કે, 'હાર્ટ અૅટેક પછી ડૉક્ટર રેડ વાઈન પીવાની છુટ આપે છે.' મેં જોયું હતું કે, સૌ મીત્રો રાજી થતા હતા. અમે રેડ વાઈનની બાટલી ખોલી, મારી રીકવરી માટે ટૉસ કરી બધા વાઈન પીતા હતા.

અઠવાડીયા પછી જે મીત્રો મળવા આવ્યા તે લોકો બીજા પ્રકારના કે જે ઝીપર ક્લબના મેમ્બર થઈ ચુક્યા હતા, અર્થાત તેમને બાઈપાસ સર્જરી થઈ ચુકી હતી. તે લોકો ફુલો લાવ્યા હતા અને સાથે રેડ વાઈનની બોટલ પણ લાવ્યા હતા. મને જોઈને મલકાતા હતા. તેમાંના એક-બેએ મને કહ્યું, " અમને લાગતું'તું કે તને હાર્ટ અૅટેક આવશે જ. મેં તો મારી વાઈફ્ને કહ્યું હતું. તારું વજન કેટલું વધી ગયું હતું!" દરેકે એ જ વાત દોહરાવી. પછી મને લાગ્યું કે, 'સાલું, આપણને હાર્ટ અૅટેક આવવાનો છે તેની આપણા સીવાય બધાને ખબર હતી !' આ મીત્રોએ તો ખુબ વીશ્વાસથી રેડ વાઈનની બાટલી ખોલી અને કહે કે, "આ તો પીવાય. એક ગ્લાસ તો પીવો જ પડે." મેં જોયું કે મારા એક ગ્લાસ સાથે તેમણે આખી બે બોટલ પુરી કરી !

ત્રીજા પ્રકારના મીત્રો આવ્યા. એ લોકો એ વર્ગના હતા જેમને ભગવાને લખી આપ્યું હતું કે તેમને આ જીવનમાં હાર્ટ અૅટેક નથી જ આવવાનો. ઘરમાં આવતાં જ, "ભાભી, આપણા માટે ચા સાથે સમોસા તળશો તો જામશે."  આ મીત્રોને હાર્ટ અૅટેક નહોતો આવવાનો કારણ કે તેઓ શરીરની બહુ જ કાળજી રાખે છે એમ તેઓ માનતા. વળી, આ મીત્રો પાસે  જે જડીબુટ્ટીઓ હતી તે તેમણે મને વેચવા પ્રયત્ન પણ કર્યો.

મારા મીત્ર રાજેશ ભગતે કહ્યું, "હરનીશભાઈ, રોજ ફીશ ખાઓ અથવા ફીશ ઑઈલ વાપરો."

મેં કહ્યું, "તમે ભગત થઈને માછલી ખાવાની વાત કરો છો?"

તેઓ બોલ્યા,"મારે નથી ખાવાની. આ તો તમારે ખાવાની વાત થાય છે."

મીત્ર ડૉ. આર.પી. શાહે મારી પત્ની હંસાને સલાહ આપી કે,"હરનીશભાઈને પગે રોજ માલીશ કરો." તો રોજ રાતે પત્નીએ સોફામાં મને આડો બેસાડીને પગે  માલીશ કરી આપ્યું. અને પછી એક દીવસ તેણે મને કહ્યું,"પગે માલીશ કરીએ તો સારું લાગે. લે, હવે

મને તું કરી આપ." આજનો દા'ડો ને કાલની ઘડી. તે પછી મારો માલીશ કરાવવાનો વારો જ નથી આવ્યો! હવે રોજ પત્નીના પગ હું ઘસતો થઈ ગયો છું.

હસમુખભાઈ પારેખે હંસાને સમજાવ્યું: "હરનીશને પાણીનો પ્રયોગ કરવાનું કહો." પત્નીએ રોજના દસ મોટા પ્યાલા ભરીને મને પાણી પીવડાવવા માંડ્યું. પછીથી ફરીયાદ ચાલુ કરી, "આપણે ઘરે કોઈ તને મળવા આવે છે ત્યારે તું હંમેશાં બાથરુમમાં જ હોય છે !"

જ્યારે એક અનુભવી મીત્રે હંસાને સમજાવ્યું કે," હરનીશભાઈ પર એક્યુપ્રેશર અજમાવવા જેવું છે. તેમાં બે અંગુઠા વડે શરીરની નસો પર પ્રેશર આપવાનું."

પત્નીએ હુકમ કર્યો કે, "ચાલ, અહીં લાંબો થઈ જા, આપણે ગળાથી શરુ કરીએ." અને થોડી વારે તેની બીજી બુમ પડી,"ઉભો રહે, આમ નાસે છે ક્યાં? પ્રેશર તો આપવું જ પડે ને?" અને એ પ્રયોગ ફરી કદી અજમાવાયો નહીં.

એક દીવસ મારાં ભાઈઓ, બહેનો, સાળીઓ વગેરે એક સાથે મળવા આવી ચડ્યાં.

મારા કાકાના દીકરા મહેશે કહ્યું, "ભાભી, તમને ખબર છે મારી તંદુરસ્તીનું કારણ? વીણા મને રોજ મેથીના દાણા ખવડાવે છે. હરનીશભાઈને રોજ મેથી ખવડાવો તો તબીયત ઘોડા જેવી થઈ જશે."

મેં મહેશને એટલું જ પુછ્યું કે, "માણસ અને ગધેડા બંને પર મેથીની સરખી જ અસર થાય?"

મારી સાળી માલતીએ કહ્યું કે, "અશ્વીનની સારી તબીયતનું કારણ ઑલીવ ઑઈલ છે. હરનીશભાઈને માટે ઑલીવ ઑઈલ લાવવું."

ત્યાં મારીબહેન જૈમીની કહે કે, "બીપીન અને મારે રોજ સવારે લસણની બે કળીઓ ખાઈ જવાની. હું બાફીને તૈયાર જ રાખું."

મેં એ લોકો સામે જોઈને કહ્યું કે, "મેથી, તેલ અને હવે લસણ... તમારે મને સાજો કરવો છે કે મારો વઘાર કરવો છે?"

સલાહ આપવામાં રહી ગયેલા મારા ભાઈ હેમંતે મને રુદ્રાક્ષની માળા આપી. કહે કે,"રુદ્રાક્ષની માળા પહેરવાથી તમારું બ્લડ-પ્રેશર ઓછું થઈ જશે. ૨૫,૦૦૦ રુપીયાની બનાવડાવી છે!"

મેં તેને એટલું જ પુછ્યું કે, " તો હવેથી મારે રોજેરોજ લેવી પડતી ગોળીઓ નહીં જ લેવાની ને? હવે માળા મારું રક્ષણ કરશે, એમને?"

હેમંત કહે, " મુરખ થયા છો? ગોળીઓ તો લેવી જ પડેને?"

આમાં ચોથા પ્રકારના હીતેચ્છુઓ હજી મને બટકી રહ્યા છે. આ મીત્રો એવા છે કે જેઓ જાહેર ભોજન-સમારંભોમાં મારી સતત સંભાળ રાખે છે. "હરનીશભાઈ, તમારે પુરીને નથી અડવાનું હં !" .."હરનીશભાઈ, આ શાકમાં સોલ્ટ વધારે છે. તમે ના લેશો."..“હરનીશભાઈ, તમે મીઠાઈ લીધી ! મારે હંસાભાભીને કહેવું પડશે.."

આમાં દરેક મીત્ર, 'હીતેચ્છુ' જ છે કેમ તે તો ખબર નથી; પરંતુ તેમને સંતોષ તો થાય જ છે કેઃ 'ચાલો, ચેતવણી તો આપીને? હજી જો ના ચેતે તો ભોગવવાનું તો એણે જ છેને?'

એમાં વળી, મારી પત્ની અમારે ઘરે બાસુંદી-પુરીનું જમણ તૈયાર કરે, સમોસા પણ તળે, મારી સામે જ જમવા બેસે અને મને કહે કે, "આ તો મારે માટે છે. તારે તો વેજીટેબલ સેન્ડવીચ ખાવાની છે."

આમ, કાળજી રાખ્યા છતાં જો હવે પછી મને હાર્ટ અૅટેક આવે તો આ બધા 'હીતેચ્છુઓ' શું કહેશે તેની તો મને ખબર છે જઃ "જો, અમે તમને નહોતા ચેતવ્યા?"

મરીઝ સાહેબ યાદ આવી જાયઃ

*બસ, દુર્દશાનો એટલો આભાર હોય છે;*
*જેને મળું છું, મુજથી સમજદાર હોય છે.*

--હરનીશ જાની (ઈ-મેઈલ સંપર્ક : harnish5@yahoo.com)

લેખક-પરીચય




શ્રી. હરનીશ જાની

"શ્રી. હરનીશ જાની(૧૯૪૧) રાજપીપળાના વતની. ગુજરાતમાં રહેતા હોત તો પ્રથમ પંક્તીના હાસ્યકાર તરીકે વીવેચકોની જીભને ટેરવે બીરાજતા હોત. કુશળ વક્તા છે, આડું બોલતાં થાકતા નથી...વાંકદેખા વીવેચક તરીકે પણ એ પ્રેમાળ છે..હરનીશભાઈ બહુશ્રુત છે, પોલીમર સાયન્સના ઈજનેર છે. દેખાવમાં રાજપીપળાના અપહૃત રાજકુમાર જેવા...હરનીશભાઈ રેખાચીત્ર અને નવલીકાની કળાના નીષ્ણાત છે." .. શ્રી.રઘુવીર ચૌધરી

"હરનીશભાઈ જગત જુએ છે, અને સતત તેને ગોઠવવા મથે છે પોતાના મગજમાં અને નીરંતર વીસ્મીત થાય છે જાની જગતની અનુઠી ચાલથી...પહેરણનું બટન ગાજ કરતાં નાનું હોય તો બી સહી, મોટું હોય તો બી સહી. હરનીશ જાની તે પહેરે એટલે તે પહેરણ જરીનો જામો બની જાય છે. એમની હાસ્યકળા બીલકુલ ગોઠવેલી નથી. એકની એક વાત તેમની પાસેથી બે વાર સાંભળવા મળતી નથી.." .. શ્રી. મધુ રાય

લેખકના પ્રથમ વાર્તાસંગ્રહ 'સુધન' (૨૦૦૩ -રંગદ્વાર પ્રકાશન, ૧૫, યુનીવર્સીટી પ્લાઝા, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯)ના પરીચયમાં ઉપરોક્ત બંને સાહીત્યસ્વામીઓએ આપેલા ભાઈ હરનીશ જાનીના પરીચય પછી, અમારે એમને વીશે કશું કહેવાનું રહેતું નથી એટલું તો કહીએ..ઉત્તમગજ્જર : uttamgajjar@hotmail.com અને બળવંત પટેલ : balvantpatel@icenet.net

તા. ૧૧ જુન ૨૦૦૬ની 'સન્ડે ઈ-મહેફીલ-બાવન' માટે 'ઉંઝાજોડણી'માં અને 'વીજયા' ફોન્ટમાં અક્ષરાંકન: uttamgajjar@hotmail.com